# નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ અમદાવાદ

પરિપત્ર નં.૯૮-A તા.૨૦-૦૨-૨૦૨૫

ફકત મ્યુનિ. શાળાઓ માટે જ :-

વિષય :- દૂધ સંજીવની યોજના અંતર્ગત દૂધના ખાલી પાઉચના નિકાલ બાબત

આથી તમામ મ્યુનિ. શાળાઓના મુખ્ય શિક્ષકશ્રીઓને ઉપરોકત વિષય અન્વયે જણાવવાનું કે, ન.પ્રા.શિ.સમિતિ,અમદાવાદ સંચાલિત મ્યુનિ. શાળાઓમાં બાલવાટિકા થી ધો.૫ના વિદ્યાર્થીઓને દૂધ સંજીવની યોજના અંતર્ગત આંતરે દિવસે ૨૦૦ મીલી. દૂધ આપવાની યોજના અમલમાં છે. ઈન્સ્યુલેટેડ બોક્ષમાં શાળાની સંખ્યા પ્રમાણે પાઉચમાં સલામતી સાથે પહોંચાડવામાં આવી રહ્યા છે.

આ દૂધના ખાલી પાઉચને મધ્યાહન ભોજન યોજનાના કર્મચારી પાસે ચોખ્ખા પાણીથી સાફ કરાવી શાળા સંકુલમાં આવેલ ભીના કચરાના ડસ્ટબીનમાં એકત્રીત કરી અમદાવાદ મ્યુનિ.કોર્પોરેશન દ્વારા ડોર-ટુ-ડોર કચરો લેવા આવતી ગાડીમાં ભીના કચરામાં નિયમિત રીતે નિકાલ કરવા જણાવવામાં આવે છે.

વિદ્યાર્થીઓના આરોગ્યને નુકશાન ન પહોંચે તે હેતુસર ઉકત સૂચનાનું ચૂસ્તપણે પાલન કરવા સૂચના આપવામાં આવે છે જેની દરેક મુખ્ય શિક્ષકોએ નોંધ લેવી.

તા.૨૦-૦૨-૨૦૨૫

ડૉ. એલ. ડી. દેસાઈ
શાસનાધિકારી